## હૃદય-પરિદૃશ્ય :
## 'એક પ્રશ્ન'

*લહેરાતા તરંગો મારામાં જોઈ*
*ઝંપલાવવા ઇચ્છા કરો છો*
*પણ હું સરોવર નથી;*
*મારામાં શિખરો પર શિખરો જોઈ*
*આરોહણ કરવાનું વિચારો છો*
*પણ હું પર્વત નથી;*
*મારા એક કિનારે નાવ ઝુકાવી*
*સામે પાર જવા ઉત્સુક છો*
*પણ ક્યાં છું હું સમુદ્ર?*
*હળાહળની વેદનાને ઠારવા*
*આવ્યાં હો મારી પાસે*
*પણ ક્યાં છું હું ચંદ્ર?*
*ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય*
*ક્યાં ખપે છે તમને?*
*નથી હું સૂર્ય.*
*પગમાં થનગનાટ છે*
*અજાણ્યા પ્રદેશો જોવાનો,*
*નથી હું અડાબીડ વન.*
*પૂછું એક પ્રશ્ન?*
*મારામાં વન, પર્વત, સૂર્ય,*

*સરોવર, ચંદ્ર, સમુદ્ર*
*જોયાં હોય જો કોઈ વાર*
*તો એકાદ વખત,*
*હા, એકાદ વખત*
*બતાવશો મને?*

*– અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (‘કવિતા’, ઑગસ્ટ, 1980)*

ચિત્રકારોએ Landscape (ભૂ-દશ્ય) ચીતર્યાં હશે, પણ અહીં કવિએ Heartscape (હૃદય-પરિદશ્ય) ચીતર્યું છે. જર્મન કવિ રિલ્કેએ ઘણી વાર (Innerspace) (આંતર-અવકાશ)ની વાત કરેલી. હૃદય-પરિદશ્ય પણ રિલ્કેનો પ્રિય શબ્દ, અહીં પણ કવિએ Outerspace (બાહ્ય-અવકાશ) અને આંતર-અવકાશ વચ્ચેના સંબંધનું સ્થાપત્ય ઘડ્યું છે. બાહ્ય-અવકાશ કરતાંય આંતર-અવકાશનાં પરિમાણ અનેકઘણાં વધારે. લોકોને ભલે બાહ્ય-વૈભવની જ પડી હોય, પણ કવિને મન તો આંતર-વૈભવ જ અગત્યનો. આંતર-ચેતનાના કેન્દ્રને ઓળખવા-પામવા મથવાનું ને આંતર-જગતમાં જ વિહરવાનું આથી જ તો રિલ્કેએ કહેલું – કવિએ તો અંતર્મુખી બનવું જ રહ્યું. અરે, પોતાના આંતર-અવકાશને ઓળખવા માટેય ‘કોઈક’ની જરૂર પડે. અને આપણા જીવનમાં કોઈક એવું મળે જે આપણને આંતર-અવકાશની ઓળખ કરાવી આપે તો ચોર્યાશી લાખ જન્મો સફળ. પ્રેમના અતિભૌતિક તત્ત્વને ઓળખવું એ કંઈ સહેલી વાત નથી. પહેલાં તો સામી વ્યક્તિની મદદથી પોતાના આંતર-અવકાશની ઓળખ કરવી ને સામી વ્યક્તિનેય તેના આંતર-અવકાશની ઓળખ કરાવી આપવી ને એ પછી જ પ્રેમના આંતર-અવકાશની ઓળખ થઈ શકે. આ કાવ્યમાંય જે મથામણ છે તે આંતર-અવકાશને ઓળખવાની.

કાવ્ય, ‘લહેરાતા તરંગો મારામાં જોઈ / ઝંપલાવવા ઇચ્છા કરો છો’-થી ઊઘડે છે. કાવ્યના ઉઘાડમાં જ કવિનું સદ્‌ભાગ્ય પ્રગટ થાય છે કે પોતાની ભીતરમાં લહેરાતા તરંગોયે જોઈ શકે એવું ‘કોઈક’ કવિને સાંપડ્યું છે. સાગરનું ઊછળતું મોજું જેમ હોડીને સહેજ અધ્ધર ઊંચકે તેમ આપણનેય કાવ્યનો આ ઉઘાડ-ઉપાડ સહેજ અધ્ધર ઊંચકે છે. પણ એ પછી જ ‘પણ હું સરોવર નથી’ પંક્તિ આપણને કશાક રહસ્યમાં ઊંડે-ઊંડે ધકેલી દે છે અને આપણા મનમાં અનેક પ્રશ્નો જાગે છે – કવિની ભીતરમાં લહેરાતા તરંગો જોઈ શકનારું ‘કોઈક’ મળ્યું

છે છતાંય કવિ 'પણ હું સરોવર નથી' કહીને શું એવું ઇચ્છતા હશે કે 'કોઈક' પોતાનામાં ન ઝંપલાવે?! કે પછી 'પણ હું સરોવર નથી' એમ કહેવા પાછળ 'સરોવરથીય કંઈક વિશેષ છું' એવું સૂચવવાનો મર્મ છુપાયો હશે? કે પછી આમ કહેવાના કારણના મૂળમાં કશુંક અસહ્ય દર્દ તો નહીં હોય? કે પછી આમ કહેવાના મૂળમાં કશીક હતાશા કે ભીતિ રહેલી હશે? ન જાને!

અને આ પછીની પંક્તિઓમાં એક પછી એક કલ્પનો (ક્યાંય સીધું વિધાન નહીં) આવતાં જાય છે ને જાણે એક પછી એક બારી ઉઘાડતાં જાય છે. ને આપણનેય સાથે સાથે 'એક અવકાશ'માં ગતિ કરાવતાં જાય છે 'શિખરો પર શિખરો જોઈ આરોહણ કરવા વિચારો છો'-માં કોઈ ચિત્રકાર ભૂ-દશ્ય ચીતરતો હોય એવું અનુભવાય, પણ આ પંક્તિનો પહેલો જ શબ્દ જુઓ – 'મારામાં'. 'મારામાં શિખરો પર શિખરો જોઈ...'! આ ઉપરાંત પહેલી પંક્તિમાં પણ 'લહેરાતા તરંગો મારામાં જોઈ...'! આમ શરૂઆતની બેય પંક્તિમાં આવતા 'મારામાં' શબ્દ દ્વારા કવિ આપણને દઢ પ્રતીતિ કરાવી આપે છે કે આ ચિત્રની ગતિ ભૂ-દશ્ય તરફની નથી, પણ હૃદય-પરિદશ્ય તરફની છે. 'પણ હું સરોવર નથી' પંક્તિ દ્વારા કવિ આપણને જે રહસ્યમાં લઈ ગયા છે તે રહસ્ય બીજી પંક્તિમાં 'પણ હું પર્વત નથી' દ્વારા વધારે ગાઢું બને છે. કવિ બીજી પંક્તિમાંય કશું 'ખુલ્લું' કરતા નથી અને કવિના આવા સંયમથી જ કવિતાને નવાં પરિમાણો સુલભ થઈ શકે. પહેલી પંક્તિમાં કવિએ હૃદય-પરિદશ્ય ચીતરવા માટે પીંછીનો એક લસરકો કરેલો. બીજી પંક્તિમાં કવિ બીજો લસરકો કરે છે. પહેલી પંક્તિમાં સરોવરના પાણી જેવો નીલરંગ (અલબત્ત, એના કાળા પડછાયા સાથે) હતો તો બીજી પંક્તિમાં પર્વત જેવો ભૂખરો રંગ છે અને આ ભૂખરા રંગમાં નાયિકાની આંખનો તથા નજરનો રંગ પણ ભળેલો છે. પર્વતનો રંગ ભૂખરો છે, પણ શિખરોનો રંગ તે નાયિકાની આંખ તેમ જ નજરનો રંગ!

'પણ હું સરોવર નથી, પર્વત નથી' કહેવાથી કંઈ વાતનો ઉકેલ આવતો નથી. આમ કહેવા છતાંય નાયિકા તો નાવ ઝુકાવી સામે પાર જવા ઉત્સુક છે જ; અસીમ શ્રદ્ધા સાથે. 'મારા એક કિનારે નાવ ઝુકાવી / સામે પાર જવા ઉત્સુક છો / પણ ક્યાં છું હું સમુદ્ર?' આ પંક્તિમાં કવિ 'પણ હું સરોવર નથી' 'પણ હું પર્વત નથી'ની જેમ અહીં પણ 'પણ હું સમુદ્ર નથી' એમ કહ્યું હોત તો આગલી બે પંક્તિઓના ગઝલીય આકાર સાથે મેળ ખાત. સુરેશ જોષીના

કાવ્ય 'કવિનું વસિયતનામુ'માં પંક્તિના અંતે ગઝલના રદીફની જેમ 'બાકી છે' આવ્યા કરે છે તેમ અહીં 'સરોવર નથી, પર્વત નથી, સમુદ્ર નથી, ચંદ્ર નથી...' એમ થઈ શક્યું હોત, પણ કવિ અહીં 'હું સમુદ્ર નથી' એમ ન કહેતાં કહે છે 'પણ ક્યાં છું હું સમુદ્ર?' આનુંય કારણ છે. જો 'સરોવર નથી', 'પર્વત નથી' એમ સમજાવવાથી જ કામ પતી ગયું હોત તો કશો જ પ્રશ્ન નહોતો, પણ નાયિકા સમજે એમ છે જ નહીં. આથી જ તો કવિ જોરથી ચિત્કાર કરી ઊઠે છે – 'પણ ક્યાં છું હું સમુદ્ર?'

પછીની પંક્તિ છે 'હળાહળની વેદનાને ઠારવા / આવ્યાં હો મારી પાસે...' કોઈક આપણી પાસે હળાહળની વેદનાને ઠારવા આવે એય આપણું સદ્‌ભાગ્ય કહેવાય. પણ અહીં આ સદ્‌ભાગ્યનો આનંદ ન પ્રગટતાં ફરીથી ચિત્કાર ઊઠે છે – 'પણ ક્યાં છું હું ચંદ્ર?' શરૂઆતની બે પંક્તિઓ :

*'પણ હું સરોવર નથી!*
*પણ હું પર્વત નથી'*

એક જ pattern (તરેહ)ની હતી, પણ એ પછી કવિની વ્યાકુળતા વધવાને કારણે પછીની બે પંક્તિઓમાં આ તરેહ બદલાય છે –

*'પણ ક્યાં છું હું સમુદ્ર?*
*પણ ક્યાં છું હું ચંદ્ર?'*

શરૂઆતની તરેહમાં ચાર જ શબ્દો છે અને પછીની તરેહમાં પાંચ શબ્દો છે અને આમ આ એક શબ્દના વધારા દ્વારા સૂચવાય છે કે કવિની વ્યાકુળતા વધી છે અને આ વ્યાકુળતાના કારણે કવિ જે ચિત્કાર કરી ઊઠે છે તે ચિત્કાર પણ જાણે કોઈ પંખીની ચીસની જેમ આપણા કાનના પરદાને આરપાર વીંધીને, આપણા હૃદયમાં ભોંકાય છે. 'ક્યાં છું હું'માં સતત ત્રણેય શબ્દોમાં આવતા અનુસ્વાર આ ચિત્કારને વધારે તીવ્ર બનાવે છે. વળી અનાયાસે આવતો સમુદ્ર-ચંદ્રનો પ્રાસ તથા ગઝલના રદીફ જેવી રૂપરચનાય આસ્વાદ્ય બને છે.

અત્યાર સુધી નાયિકા જે ઇચ્છા વ્યક્ત કરે છે, જે વિચારે છે, જેના માટે ઉત્સુક છે એની વાત હતી; એની એક દૃશ્ય-શ્રાવ્ય તરેહ હતી. નાયિકા શું વિચારે છે એય કવિ જાણી શકે છે! કવિ નાયિકાના આંતરવિશ્વ સાથે કેટલા બધા નિકટ હશે! અને 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય / ક્યાં ખપે છે તમને!'

પંક્તિ દ્વારા કવિ નાયિકાના આંતરવિશ્વની નિકટ છે એ વાત હવે વધુ સુદૃઢ બને છે. વળી, આ કાવ્યની રૂપરચનાની તરેહ પણ બદલાય છે. આગળની પંક્તિ 'હળાહળની વેદનાને ઠારવા / આવ્યાં હો મારી પાસે'ની જેમ અહીં 'ઉષ્મા મેળવવા આવ્યાં હો મારી પાસે' એમ પણ લખી શકાયું હોત. આ અગાઉની બધી જ પંક્તિઓનો પ્રથમ અર્ધભાગ જોઈએ તો –

*'લહેરાતા તરંગો મારામાં જોઈ*
*ઝંપલાવવા ઇચ્છા કરો છો'*

*'મારામાં શિખરો પર શિખર જોઈ*
*આરોહણ કરવાનું વિચારો છો'*

*'મારા એક કિનારે નાવ ઝુકાવી*
*સામે પાર જવા ઉત્સુક છો'*

*'હળાહળની વેદનાને ઠારવા*
*આવ્યાં હો મારી પાસે...'*

વગેરે વગેરેમાં ક્યાંય પ્રશ્ન નથી પુછાયો, પણ હવે તો સાપની ફણાની જેમ એક પ્રશ્ન ઊંચકાય છે, અને તે 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય / ક્યાં ખપે છે તમને?' અહીં સંવેદનાની તીવ્રતા પરાકાષ્ઠાએ પહોંચે છે. વળી, આ પંક્તિ અગાઉની બેય પંક્તિઓના અંતે પ્રશ્ન પૂછાયો છે – 'પણ ક્યાં છું હું સમુદ્ર?' 'પણ ક્યાં છું હું ચંદ્ર?' અને આથી 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય ક્યાં ખપે છે તમને?' પછીય 'પણ ક્યાં છું હું સૂર્ય?' એવી જ પંક્તિ આવશે એવું કોઈ પણ ભાવકના મનમાં જાગે પણ નહીં. બબ્બે પંક્તિઓની જોડની તરેહ પછી અહીં વળી પાછી તરેહ બદલાય છે; સકારણ બદલાય છે. સાપની ફણાની જેમ ઊંચકાયેલો પેલો પ્રશ્ન કવિને ડંખી જાય છે અને આથી જ તો ચિત્કાર કરવા જેટલાય કવિને 'હોશ' રહેતા નથી. પહેલાં તો કવિ નાયિકાને 'હું સરોવર નથી', 'હું પર્વત નથી' કહી સમજાવે છે; પણ નાયિકા કંઈ સમજે એમ નથી. આથી કવિ 'પણ ક્યાં છું હું સમુદ્ર?' 'ક્યાં છું હું ચંદ્ર?' પંક્તિઓ દ્વારા અત્યંત વ્યાકુળ થઈને ચિત્કારી ઊઠે છે, પણ તેમ છતાંય નાયિકાની શ્રદ્ધા ડગતી નથી. ક્યાંથી ડગે? નાયિકામાં સાવિત્રીની શ્રદ્ધા છે અને આથી જ તો છેવટે કવિ નાયિકા નહીં જ માને એમ ધારીને દીર્ઘ નિસાસો નાખે છે – 'નથી હું સૂર્ય'. આમ,

'પણ ક્યાં છું હું સૂર્ય?' એમ ચિત્કાર નથી કર્યો એનું એક કારણ તે કવિનો હતાશા સાથે સરી પડેલો નિઃશ્વાસ. અને બીજું કારણ તે 'ઉષ્મા માટે સૂર્યથી ઓછું કશુંય ક્યાં ખપે છે તમને?' પંક્તિમાં સાપની ફણાની જેમ ઊંચકાયેલા પ્રશ્નનો અસહ્ય ડંખ અને કશીક ભીતિ.

શરૂઆતની પંક્તિઓ 'પણ હું સરોવર નથી', 'પણ હું પર્વત નથી'માં 'પણ' શબ્દમાં કવિની થોડીક જીદ દેખાય છે, થોડીક સ્વસ્થતા દેખાય. છે, નાયિકા માની જશે એવો સહેજ (સહેજ જ) અણસાર દેખાય છે. એ પછીથી બેય પંક્તિઓ 'પણ ક્યાં છું હું સમુદ્ર?' 'પણ ક્યાં છું હું ચંદ્ર?'માં 'પણ' શબ્દમાં કવિની જીદ વધુ પ્રબળ દેખાય છે, સ્વસ્થતાને બદલે અસ્વસ્થતા દેખાય છે. વળી 'ક્યાં છું હું'ના ચિત્કાર દ્વારા સૂચવાય છે કે નાયિકા માની જશે-ની રહીસહી આશાય કદાચ છેલ્લા પાંદડાંની જેમ ખરી પડી છે. વળી અહીં કવિએ 'પણ હું સૂર્ય નથી' એમ ન લખતાં 'પણ' કાઢી નાખીને માત્ર 'નથી હું સૂર્ય' લખ્યું છે અને આથી જ તો 'પણ' શબ્દમાંની જીદ સુધ્ધાં ઓગળી જાય છે ને આ પંક્તિ સાથે સરી પડેલો ઉષ્ણ દીર્ઘ નિઃશ્વાસ આપણાય હૈયાસોંસરવો આરપાર ઊતરી જાય છે! વળી 'પણ' શબ્દ કાઢી નાખ્યો છે એટલું જ નથી 'હું સૂર્ય નથી'ના બદલે 'નથી હું સૂર્ય' લખ્યું છે. જેથી 'હું'માંનું 'હું-પણું'ય નિઃશેષ થઈને ઓગળી જઈને નિઃશ્વાસમાં ફેરવાઈ જાય છે.

આ કાવ્યમાં કવિનો નાયિકાને સમજાવવાનો પ્રયત્ન છે એવો જ પ્રયત્ન અનિરુદ્ધભાઈના જ એક કાવ્ય 'અવાશે'માંય છે.

*તને ખબર છે?*<br>
*ગઈ કાલે તો અહીં વડોદરા શહેર હતું*<br>
*ને આજે ઊછળે છે કાળાંભમ્મર મોજાં*<br>
*એકાદ વહાણ ભૂલું પડે તો ધ્રુવના તારાને જાળવી લેજે, હોં!*<br>
*ના, ન અવાય મારી પાછળ પાછળ.*